**The Co-Operative Bank of Rajkot Ltd.**
Multi State Co-Operative Bank
Raj Bank

# હરાજી કમ વેચાણ માટેની જાહેર નોટીસ

આથી તમામ જાહેર જનતાની જાણ અર્થે નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની માલીકીની નીચે જણાવેલ રૈયા રોડ શાખા હોય, આ શાખાની ફાજલ થયેલ જગ્યા જાહેર હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

**મિલ્કતનું વર્ણન : (ફર્નીચર સાથે)**

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટના શહેર રાજકોટમાં નિર્મળા કોન્વેન્ટ સ્કૂલ રોડ ઉપર રૈયા ગામના રેવન્યુ સર્વે નં. ૧૩૩/૧-૨, ૧૩૮, ૧૩૯ ના પ્લોટ નં. ૩૫, ૩૬ પૈકીની કુમ જમીન ચો.મી.આ. ૧૨૧૦-૪૩ સહીતના ઓમકાર રેસીડેન્શીયલ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષના નામથી ઓળખાતી બીલ્ડીંગ જેમાં ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ ઓફીસ નં. ૩ તથા તેને લાગુ શોપ નં. ૪, ૫ તથા ૬ જેનો કુલ કારપેટ એરીયા આશરે ચો.ફૂટ ૧૬૧૨-૦૦ છે. જેનો સુપર બીલ્ટઅપ એરીયા ચો.ફૂટ ૨૩૪૯-૦૦ છે, જેની ચર્તુસીમા નીચે મુજબ છે :
ઉત્તરે : શોપ નં. ૭ આવેલ છે, દક્ષિણે : ફ્લેટ્સનું ઓટીએસ આવેલ છે, પૂર્વે : પેસેજ આવેલ છે, પશ્ચિમે : માર્જીનવાળી જગ્યા આવેલ છે.

**ટુકું સરનામું : ફર્સ્ટ ફ્લોર, ઓમકાર રેસીડેન્શીયલ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, નિર્મળા સ્કૂલ સામે, નિર્મળા સ્કૂલ રોડ, રાજકોટ**

**રીઝર્વ કિંમત રૂા. : ૨,૧૫,૦૦,૦૦૦/-** | **ઈ.એમ.ડી. રકમ રૂા. : ૨૧,૫૦,૦૦૦/-** | **બીડ વધારાની રકમ રૂા. : ૧,૦૦,૦૦૦/-**

| | | | |
|---|---|---|---|
| **હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વપૂર્ણ માહિતી** | ૧. | **જાહેર નિરીક્ષણની તારીખ અને સમય તથા કોન્ટેક નંબર** | તા. ૧૭.૦૯.૨૦૨૬, ગુરુવાર ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી<br>મો.નં. ૯૩૧૩૯ ૨૬૪૩૪ |
| | ૨. | **બિડ જમા કરાવવાની છેલ્લી તારીખ** | તા. ૦૬.૧૦.૨૦૨૬, મંગળવારના રોજ બપોરે ૪.૦૦ વાગ્યે અથવા એ પહેલા |
| | ૩. | **હરાજીની તારીખ, સમય અને હરાજી તથા બીડ જમા કરાવવાનું નું સ્થળ** | તા. ૦૮.૧૦.૨૦૨૬, ગુરુવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે<br>ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. - રાજકોટ<br>સહકાર સરીતા, પંચનાથ મેઈન રોડ, રાજકોટ. |

**હરાજીની શરતો અને નિયમો :** (૧) બીડર તમામ બાબતોની સંપૂર્ણ ચકાસણી કરવા માટે તેમજ સુચવેલ તારીખ અને સમયે ઉપર જણાવેલ મિલ્કતની વિગતોનું નિરીક્ષણ કરવા જવાબદાર છે. બીડ ભરતા પહેલા મિલ્કતનું ઈન્સ્પેક્શન કરવાની જવાબદારી અને મિલ્કત પરત્વે તમામ બાબતોનું સંતોષકારક રીતે ડ્યુડીલીજન્સ કરવાની તમામ જવાબદારી બિડરની છે. બીડર મિલ્કતનું ઈન્સ્પેક્શન સંબંધિત બેંક અધિકારી સાથે કન્સલ્ટેશનથી અને સંમતિ બાદ કરશે. બીડરને હરાજીની કોઈ શરતો સમજવામાં કોઈપણ જાતની મુશ્કેલી પડે તો તે અધિકૃત અધિકારી, મો.નં. ૯૩૧૩૯ ૨૬૪૩૪ નો હરાજી પહેલા કે હરાજી દરમ્યાન સંપર્ક કરી સમજણ મેળવી શકશે. (૨) બીડરે ઓથોરાઈઝડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / એન.ઈ.એફ.ટી. / આર.ટી.જી.એસ. દ્વારા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ એટલે કે રીઝર્વ રકમની ૧૦% રકમ તેમજ બીડ ફોર્મ સીલબંધ કવરમાં તા. **૦૬.૧૦.૨૦૨૬** ના બપોરે ૪.૦૦ કલાક સુધીમાં અથવા તે પહેલા જમા કરાવવાના રહેશે. વધુમાં નોંધ લેવી કે સફળ બીડરની ઈ.એમ.ડી.ની રકમ વેચાણની કિંમત સામે સરભર કરવામાં આવશે અને અસફળ બીડર(રો) ની ઈ.એમ.ડી. રકમ પરત કરવામાં આવશે. બિડરે તેના બેંક ખાતાની સંપૂર્ણ વિગત આપવાની રહેશે. (૩) મેળવેલ બીડમાંથી જે બીડ ઉચ્ચામાં ઉચ્ચી કિંમતની હશે તે બીડમાં દર્શાવેલ કિંમત તે મિલ્કતની મુળ કિંમત ગણી એટલે કે બેઝ પ્રાઈઝ ગણી બીડર તે બીડની રકમ કરતા વધુ રકમનું બીડ કરવા મંજુરી આપવામાં આવે છે. (૪) સકસેશફુલ બીડરે તાત્કાલીક અથવા તેની / તેણીની / તેને તરફેણમાં વેચાણ મંજુર થયે એટલે કે વધુમાં વધુ બેંકના કામકાજના બીજા દિવસે બીડની ૨૫% રકમ ઈ.એમ.ડી.ના ૧૦% સહીત અને બાકીની રકમ ઓથોરાઈઝડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની. તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / આર.ટી.જી.એસ. / એન.ઈ.એફ.ટી. દ્વારા ૧૫ માં દિવસે અથવા તે પહેલા જમા કરવાની રહેશે. (૫) સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, ટ્રાન્સફર ફી, મેઈન્ટેનન્સ ચાર્જીસ, ઈલેક્ટ્રીક ચાર્જીસ વગેરે માટે ચુકવવાપાત્ર ચાર્જીસ / ફી વગેરે તમામ ખર્ચ સફળ બીડરે ભોગવવાનો રહેશે. એટલે કે તમામ જવાબદારી માત્ર સફળ બીડરની રહેશે. અધિકૃત અધિકારી વેચાણ હેઠળની મિલ્કતના સંબંધમાં સરકારી અથવા સ્થાનિક સંસ્થા અથવા કોઈપણ અન્ય પ્રાધીકરણની કોઈપણ બાકી રકમ, ચાર્જ, ભોગવટા હક્ક, મિલ્કત વેરા માટે જવાબદારી લેશે નહીં. (૬) અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વગર અથવા કોઈપણ આગોતરી નોટીસ આપ્યા વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અથવા વેચાણ મોકુફ / મુલત્વી / રદ્દ કરવાનો અથવા વેચાણની કોઈપણ શરત અને નિયમોમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ તબક્કે હરાજીની કાર્યવાહીમાંથી કોઈપણ મિલ્કત અથવા તેનો ભાગ પાછો ખેંચવાનો અનામત હક્ક ધરાવે છે. (૭) દસ્તાવેજ બીડની પૂરેપૂરી રકમ જમા થયે / ચુકતે થયે સફળ બીડરની તરફેણમાં કાયદાના પ્રાવધાનો મુજબ કરી આપવામાં આવશે. દસ્તાવેજમાં બીડ ફોર્મમાં દર્શાવેલ નામ સિવાય અન્ય કોઈ નામનો ઉમેરો કે નામ બદલી આપવામાં આવશે નહીં અને તેવી વિનંતી પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. (૮) વિવાદની સ્થિતિમાં આ પ્રાથમિક નિયમો અને શરતો અંગે બેંક કે બેંકના અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી ગણાશે. **આ વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે બેંકની વેબસાઈટ tcbrl.bank.in માં જોવા વિનંતી.**

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120  Fax: 0281 - 2236682  info@tcbrl.bank.in  tcbrl.bank.in

**તારીખ : ૧૧.૦૯.૨૦૨૬**
**સ્થળ : રાજકોટ**

**સહી/- ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર**
**ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.**